# નોલેજ રિયાલ્ટી ટ્રસ્ટ આઈપીઓ થકી રૂ.૪૮૦૦ કરોડ ઊભા કરશે

મુંબઈ તા. ૪ : નોલેજ રિયાલ્ટી ટ્રસ્ટ (કેઆરટી) યુનિટદીઠ રૂ.૯૫થી રૂ.૧૦૦ પ્રાઈસ બેન્ડથી ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) થકી રૂ.૪૮૦૦ કરોડ ઊભા કરવા ૫, ઓગસ્ટ ૨૦૨૫ના મૂડીબજારમાં પ્રવેશશે. આ આઈપીઓ ૭, ઓગસ્ટના બંધ થશે. આઈપીઓમાં ન્યુનતમ ૧૫૦ યુનિટ માટે બીડ કરી શકાશે અને ત્યારબાદ ૧૫૦ યુનિટના મલ્ટિપલમાં અરજી કરી શકાશે. ન્યુનતમ રકમ રૂ.૧૫,૦૦૦ રહેશે. કંપની લિસ્ટિંગ બાદ રૂ.૬૨,૦૦૦ કરોડની કુલ એસેટ મૂલ્ય સાથે ભારતની સૌથી મોટી રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (રિઈટ) બનશે. નોલેજ રિયાલ્ટી ટ્રસ્ટ રેઈટ, બ્લેકસ્ટોન અને સત્ત્વ ગ્રુપનો સપોર્ટ ધરાવે છે. કંપની તેના પોર્ટફોલિયોમાં ૪૬૩ લાખ ચોરસ ફૂટ ધરાવે છે. જે પૈકી ૯૪ ટકા ભારતના ટોચના ત્રણ ઓફિસ માર્કેટ-શહેરો મુંબઈ, બેંગ્લુરૂ અને હૈદરાબાદમાં છે.

કેઆરટીના સીઈઓ શિરીષ ગોડબોલેએ જણાવ્યું હતું કે, કંપની તકો મુજબ એક્વિઝિશનનો વિચાર કરશે. કંપનીનું ભારતમાં છથી સાત મોટા ઓફિસ બજારોમાં વિકાસ કરવાનું લક્ષ્ય છે.